સાણંદમાં ખેડૂતોની રેલી હિંસક બની

લાઠીચાર્જ અને ટીયરગેસના સેલ છોડાતા સ્થિતિ ખુબ જ તંગ બની : પાણી ન મળવાને લઇને ખેડૂતોએ રેલી યોજી હતી અને મોરચો માંડ્યો હતો : ખેડૂતોની રેલી વેળા પોલીસ સાથે સંઘર્ષ : ખેડૂત સમુદાયમાં નારાજગી ફેલાઈ

અમદાવાદ,

અમદાવાદ જિલ્લાના સાણંદ ખાતે ખેડૂતોએ પાણીને લઈને મોરચો અને રેલી કરી ત્યારે આજે જોરદાર તંગ સ્થિતિ સર્જાઈ ગઈ હતી. રેલીમાં ઘર્ષણ સર્જાયું હતું. વણસી ગયેલી સ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની અને ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી જેના કારણે અનેક ખેડૂતોને નજીવી ઈજા પણ થઇ હતી. ખેડૂતો અને પોલીસ વચ્ચે સંઘર્ષમાં ૫૦ જેટલા ખેડૂતોની અટકાયત પણ કરવામાં આવી હતી. તીવ્ર વિરોધ પ્રદર્શનના દોરમાં મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. પરવાનગી વિના રેલી યોજવા બદલ પોલીસ દ્વારા આગેવાનોની અટકાયત કરીને રેલીને અટકાવવાનો પ્રયાસ કરાયો હતો. જેના કારણે ખેડુતો અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. જેના લીધે પથ્થરમારાની ઘટના બની હતી. જેમાં અમદાવાદ રૂરલ પોલીસના એસપી આરવી અસારીને ઈજાઓ પહોંચી હતી.

આ અંગે પ્રાપ્ત વિગતો મુજબ અમદાવાદ જિલ્લાના નળકાંઠા વિસ્તારના ઉપરદળ, ઝાંપ, અણીયારી, વનાળીયા, જેતપુર, થુલેટા, કીશોલ, રેથલ, વાસણા, નાનોદરા, મેટાલ, દેવ ધોલેરા ગામોનો અંગ્રેજ શાસન દરમિયાન પણ ફતેવાડી સિંચાઈ યોજનામાં સમાવેશ કરવામાં આવેલો હતો. પરંતુ આશરે ૨૦૦ વર્ષથી અત્યાર સુધીની સરકારે આ ગામોના હિતમાં સિંચાઈ માટે પાણીની કોઈ જ વ્યવસ્થા કે આયોજન કર્યું નથી. એટલુ જ નહી આ વિસ્તારના કેટલાય ગામોમાં નર્મદાની કેનાલ યોજનાનો લાભ જ નથી મળતો. આ વિસ્તારમાં સિચાઈના પાણીના અભાવે સ્થાનિક ખેડુતો ખેતી કરી શકતા નથી અને પ્રવર્તમાન મોંઘવારીના સમયમાં દેવાદાર અને ભુખમરાનો સામનો કરી રહ્યા છે. પાણીના અભાવે પોતાની ખેતીલાયક જમીનો વેચીને શહેરી વિસ્તારમાં મંજુરી કરવા મજબુર બન્યા છે.

આ વિસ્તારમાં નર્મદા કેનાલનું આયોજન કરીને સિંચાઈ માટે પુરતુ પાણી મળી રહે તે માટે સ્થાનિક ખેડુતોએ વિસ્તારના આગેવાનો સાથે મળીને સરકાર સમક્ષ અનેક વખત રજુઆત કરી છે. પરંતુ સરકાર દ્વારા આ દિશામાં કોઈ નક્કર પગલા નહી લેવાતા તેમજ ખેડુતોની રજુઆત અંગે ખોટી અફવા ફેલાવીને આ માંગણીને નિષ્ફળ બનાવવાનો પુરો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. જેના અંતર્ગત આ વિસ્તારના ખેડુતોમાં રાજય સરકાર પ્રત્યે ભારે અસંતોષ છે. આ ખેડુતોની સિંચાઈના પાણીની માંગણીને વાચા મળે તે માટે તેમજ તેમને થઈ રહેલા અન્યાય સંદર્ભે આજે તા. ૧૪.૨.૨૦૧૭ને મંગળવારના રોજ સવારે ૮ વાગે અધિકાર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અધિકાર રેલીમાં અંદાજે ૨૫૦૦થી ખેડુતો ટ્રેકટર સહિતના વાહનો લઈને જોડાયા હતા.

આ રેલી માટે પોલીસની પરવાનગી લેવામાં આવી ન હતી. જેથી પોલીસ દ્વારા આગેવાનોની અટકાયત કરવામાં આવી હતી. ત્યાર બાદ બપોરે ૧૨ વાગ્યા આસપાસ વિંછીયા ગામ પાસે પોલીસે રેલીને અટકાવવાનો પ્રયાસ કરતા ખેડુતોમાં નારાજગી પ્રસરી હતી. જેના લીધે આ રેલીમાં જોડાયેલા ખેડુતો અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ ઉદભવી હતી. આ દરમિયાન કોઈના દ્વારા પથ્થરમારો થતા અમદાવાદ ગ્રામ્યના જીલ્લા પોલીસ વડા આરવી અસારીને માથાના ભાગે પથ્થર વાગતા તેમને ઈજાઓ પહોંચી હતી. જેના કારણે વિફરેલી પોલીસે લાઠીચાર્જ કર્યો હતો.

અંગારિકા ચોથના પ્રસંગે ભદ્ર ખાતે આવેલા ગણેશ ભગવાનના મંદિરમાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. (તસવીર : જયેશ મોદી)

નલિયા કાંડ : નક્કર પુરાવા રજૂ કરવા કોંગ્રેસને પડકાર

નલિયા દુષ્કર્મ કાંડના કોઇપણ શખ્સને છોડશે નહીં : નીતિન પટેલ

અમદાવાદ,

ગુજરાતના નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ આજે જણાવ્યું હતું કે, નલિયા દુષ્કર્મ મામલામાં ગંભીરતાપૂર્વક રાજય સરકાર તપાસ કરી રહી છે. વિપક્ષ પાસે કોઈ પુરાવા હોય તો તે રજૂ કરે તેવો પડકાર પ ણ કોંગ્રેસને ફેંકવામાં આવ્યો છે. નીતિન પટેલે ખાતરી આપતા કહ્યું હતું કે, નલિયા સામૂહિક દુષ્કર્મ કાંડમાં સંડોવાયેલા કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં. પ્રથમ દિવસથી જ ઘટનાની ગંભીરતાથી ન્યાયિક તપાસ ચાલી રહી છે અને ધરપકડનો દોર જારી છે. તેમણે જણાવ્યું છે કે, નલિયા દુષ્કર્મને રાજય સરકારે અત્યંત ગંભીરતાથી લીધુ છે અને ઘટના બન્યાના દિવસથી જ ન્યાયીક તપાસ યુદ્ધના ધોરણે ચાલી રહી છે અને સમાયાનુસાર ઘટનાઓમાં સંડોવાયેલા લોકોની ધરપકડો પણ કરવામાં આવી રહી છે. ત્યારે વિવિધ સંગઠનો અને વિપક્ષ કોંગ્રેસ દ્વારા જે આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. તે બોબુનીયાદ અને પાયાવિહોણા છે.

વિપક્ષના નેતાઓ દ્વારા નલિયા દુષ્કર્મ સંદર્ભે આજે કરાયેલા ગંભીર આક્ષેપો સંદર્ભે પ્રતિક્રિયા આપતા નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, વિપક્ષના નેતા પાસે ઘટના સંદર્ભે જો કોઈ નક્કર પુરાવા હોય તો રજુ કરે રાજય સરકારની એમને ખુલ્લી ચેલેન્જ છે. કે કોઈપણ વ્યક્તિ હશે એને રાજય સરકાર છોડશે નહી અને પુરાવાઓની ગંભીરતા પૂર્વક તપાસ પણ કરવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે, નલિયાની ઘટના એ અત્યંત નિંદનીય અને ખુબ જ દુ:ખદ છે ત્યારે વિપક્ષ દ્વારા ઘટનાને રાજકીય સ્વરૂપ આપીને જે રાજનીતિ કરવામાં આવી રહી છે. તેને રાજયની પ્રજા ખુબ જ સારી રીતે જાણે છે.

ઘટનાને રાજયકીય રૂપ આપી રાજય સરકારને બદનામ કરવાનો હીન પ્રયાસ આજે કોંગ્રેસના નેતા દ્વારા કરાયો છે. તે અત્યંત ખેદજનક છે. તેને પણ રાજયની પ્રજા ક્યારે સાખી નહી લે. તેમણે ઉમેર્યું હતું કે, ઘટના બની ત્યારથી જ રાજય સરકારે સંપૂર્ણ નિસ્પક્ષ રીતે તપાસનો દોર આરંભ્યો છે અને જે લોકો સંડોવાયેલા છે તેમની ધરપકડો પણ કરી છે. વિપક્ષના નેતા દ્વારા જે આક્ષેપો કરાયા છે તે રાજયની અને કચ્છ જિલ્લાની વિકાસ યાત્રાને લાંછન લગાડે તેવા છે. કચ્છના બનાવને આગળ ધરીને જે આક્ષેપો કર્યા છે તે જિલ્લાના પ્રવાસન તેમજ ઉદ્યોગ જગતને ખુબ જ નુકસાન કરી શકે તેમ છે. આવા પ્રકારના ગંભીર આક્ષેપો તેમના હોદ્દાને શોભતા નથી. ઘટનામાં તપાસનો જે દોર ચાલુ છે તે સંદર્ભે તેમણે કઈ પણ સુચનો કે પુરાવાઓ રજુ કરવા એ એમનો હક્ક છે. જો આવા પુરાવાઓ રજુ કરે તો રાજય સરકાર ચોક્કસ તપાસ કરશે. પરંતુ રાજયની વિકાસ યાત્રામાં કોંગ્રેસ દ્વારા વર્ષોથી જે રોડા નાખવામાં આવી રહ્યા છે. તેને રાજયની પ્રજા ક્યારેય શાંખી નહી લે.

નલિયા સેક્સ કાંડમાં ડઝન જેટલા સીડીના પુરાવા છે

અમદાવાદ,

ગુજરાત વિધાનસભા વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ નલિયા દુષ્કર્મ અંગે વાત કરતા જણાવ્યું હતું કે, ભાજપ સરકારની ચાલ, ચારિત્ર્ય અને ચહેરા ખુલ્લા પડી ગયા છે. સત્તાના નશામાં સુંદરી, શબાબ અને કબાબના શોખીનો અને કબાબમાં કોઈ હડ્ડી ન બને તેની પુરી ચિંતા કરવાવાળી આ ભાજપ પાર્ટીએ બાહોના, દીકરીઓની આબરૂને લીલામ કરવા માટે પક્ષના નામથી પણ મર્યાદા રાખી નથી. સ્વાભાવિક છે કે, જે પક્ષના નેતા દેશના સર્વોચ્ચ સિંહાસન ઉપર બેઠા હોય અને એમની પણ ચાલ, ચારિત્ર્ય અને ચહેરો વાંકોચુંકો અને કલંકોથી ખરડાયેલો હોય,જેમણે બહેન દીકરીઓની આબરૂ લેવામાં પાછી પાની ન કરી હોય, આવા કુસંસ્કારો ભાજપ પાર્ટીના કાર્યકર્તાઓમાં પણ ઉતર્યા છે. ભાજપે કચ્છને ટુરિઝમના નામે દુષ્કર્મોનું હબ બનાવ્યું છે. નલિયા સેક્સકાંડનું ષડયંત્ર છેલ્લા એક વર્ષથી ચાલતુ હતું તેમાં ભાજપના પ્રધાનો, પૂર્વ અને વર્તમાન ધારાસભ્યો, સંસદસભ્યો, નગરપાલિકા સેવકો, મોટા આગેવાનો સામેલ હતા તેવું જાણવા મળે છે. અ ક ધારાસભ્યના રિસોર્ટમાં ગોરખધંધા ચાલતા હોય, તેના સીસીટીવી ફુટેજ જાહેરમાં મુકો તો પ્રજાને ખ્યાલ આવે.

ભાજપે બહેન દિકરીઓની આબરૂને નિલામ કરવા પક્ષના નામની પણ મર્યાદા રાખી નથી : વાઘેલાનો ગંભીર આક્ષેપ

વાઘેલાએ કહ્યું હતું કે, શ્રેણીબદ્ધ પુરાવા સમગ્ર મામલામાં રહેલા છે. વખોડવા પાત્ર આ ઘટના છે. આ પ્રકરણમાં ભાજપના અમુક પ્રધાનો સહિત ૧૦ જેટલા આગેવાનો સંડોવાયેલા છે.

કોંગ્રેસ પાર્ટી રાજકીય રોટલા શેકવાના પ્રયાસમાં છે: પંડ્યા

નલિયા કચ્છની ઘટના ખુબ જ સંવેદનશીલ : કોંગ્રેસ પાસે કોઇ પુરાવા હોય તો જાહેર કરવા ભાજપનો પડકાર : અભદ્ર શબ્દો દ્વારા જોડીને ગુજરાતનું અપમાન

અમદાવાદ,

કોંગ્રેસના નેતાઓ દ્વારા ઉચ્ચારવામાં આવેલ અશોભનીય બેફામ જુઠ્ઠાણાઓને સભ્ય શબ્દોમાં વખોડી નાખતાં પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, નલીયા, કચ્છની ખુબ શરમજનક ઘટના છે અને તેની સામે મુખ્યમંત્રી વિજય રૂપાણીની ભાજપ સરકારે કડક એકશન લીધા છે. એક સિવાય તમામ આરોપીઓ પકડાઈ ગયા છે. ૧૨ થી ૧૪ દિવસનાં રીમાન્ડ મળ્યાં છે અને કોઈપણ ચરમબંધીને છોડવામાં નહી આવે તે માટે સરકાર કટીબદ્ધ છે.

ભાજપ સરકાર પીડિતાને ન્યાય અપાવવા અને આરોપીઓને કડકમાં કડક સજા આપવા સતત પ્રયત્નશીલ છે પરંતુ કોંગ્રેસ આ ઘટનાને રાજકીય વિવાદમાં ઢસડી જઈને રાજકીય રોટલા શેકવાનો પ્રયાસ કરે છે તે નિંદનીય છે.

કોંગ્રેસ પાસે કોઈ હકારાત્મક મુદા નથી તેથી કોંગ્રેસ વાદ વિવાદ અને વેરઝેર ઉભા કરવાના પ્રયાસ કરે છે, તે ગુજરાતની પ્રજા જાણી ચુકી છે. પંડ્યાએ જણાવ્યું હતું કે, કચ્છ અને ગુજરાતને એવા અભદ્ર શબ્દો દ્વારા જોડીને વિપક્ષના નેતાએ હદની હદ વટાવી દીધી છે.

કોંગ્રેસે આ ઘટનામાં કચ્છને, સમગ્ર ગુજરાતને ખરાબ શબ્દો સાથે સરખાવીને ગુજરાત અને ગુજરાતની અસ્મિતા, સંસ્કારીતાને બદનામ કરવાનો પ્રયાસ કર્યો છે. કોંગ્રેસના અશોભનીય અને નિમ્નસ્તરના નિવેદનથી ગુજરાતનું અપમાન થયું છે. ભાજપ અને ગુજરાત ક્યારેય આ પ્રકારનાં અપમાનને સાંખી લેશે નહીં.

મારી પાસે ડઝનેક મંત્રીઓની સીડી છે તેવાં વિપક્ષના નેતાના નિવેદનને પડકારતા ભાજપનાં પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું કે, તેમની પાસે કોઈપણ પુરાવા હોય તો જાહેર કરે. કોંગ્રેસ માત્રને માત્ર હવામાં ગુબ્બારાઓ, જુઠ્ઠા આક્ષેપો અને અફવાઓ ફેલાવવાના પ્રયાસો કરી રહી છે.

કોંગ્રેસના નેતાઓ ગુજરાતમાં એકતા, શાંતિ અને વિકાસનું વાતાવરણ બગાડવા માટે રાજકીય જુઠ્ઠાણાઓ ફેલાવવા, મીડિયામાં ચમકવા અને પ્રજાને ગેરમાર્ગે દોરવા પ્રયાસ કરે છે.

અફવા, અશાંતિ અને અરાજકતા ફેલાવવાના કોંગ્રેસના કુપ્રયાસોને ગુજરાતની જનતા ક્યારેય સફળ થવા દેશે નહીં.

દૈનિક પેપર માટે જોઈએ છે

ગાંધીનગર

વેસ્ટર્ન ટાઇમ્સ

ગુજરાતના દરેક જિલ્લા ખાતે ઉત્સાહી પત્રકાર, એજન્સી કામ સંભાળી શકે તેવા માણસો નિમવાના છે. સંપૂર્ણ વિગત સાથે અરજી કરો. **વેસ્ટર્ન ટાઇમ્સ ૩૦૧, ત્રીજો માળ, ગાલા આર્ગોસ, હરીકૃપા ટાવર પાછળ, લેડીઝ હોસ્ટેલ નજીક, એલીસબ્રીજ, અમદાવાદ-૬ .**

જનતા જનાર્દનના મન જીતવા માટે નિકળ્યા છીએ : વાઘાણી

અમદાવાદ,

પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાના જણાવ્યાનુસાર આજરોજ આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાના સાતમા દિવસે મધ્ય ગુજરાતનાં મોરવા હડફ, ફતેપુરા, લીમખેડા સહિત દેવગઢ બારીયા, ગરબાડા અને દાહોદમાંથી યાત્રા પસાર થઈ રહી છે. ૧૦૨ કિમીના વનવાસી પંથકમાંથી પસાર થઈ રહેલ યાત્રામાં ઠેર ઠેર ઉમટેલ માનવ મહેરામણ દ્વારા પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીનું ભવ્યાતિભવ્ય સ્વાગત થઈ રહ્યું છે.

લીમખેડામાં પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીને ૧૦ રૂપિયાના સિક્કાથી તોલવામાં આવ્યા હતા. આ તમામ નાણા આદિવાસી સમાજની દીકરીઓને શિક્ષણના ઉપયોગમાં લેવા પ્રદેશ પ્રમુખએ તત્કાલ પરત કરી અનુદાન જાહેર કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મહિલા સશક્તિકરણની વિભાવનાને પ્રશંસનીય અનુમોદન પુરુ પાડ્યું હતું, તેમ પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું હતું. ઠેર ઠેર આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનું આદિવાસી પરંપરા અનુસાર વિવિધ પાઘ પહેરાવીને, તીરકામઠાથી, વિવિધ કલાત્મક કડાઓ પહેરાવીને પ્રદેશ પ્રમુખનું તથા અન્ય આગેવાનોનું સન્માન કરવામાં આવ્યું હતું.

દેવગઢ બારીયા ખાતે મહુડાના ફળ દોળીથી પ્રમુખની તુલા કરીને સ્વાગત સન્માન કરાયું હતું. વિવિધ સ્થળો ઉપર ઉપસ્થિત જનમેદનીને ભાવથી સંબોધતા પ્રદેશ પ્રમુખએ જણાવ્યું હતું કે, આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા દ્વારા જનતા જનાર્દનના મન જીતવા માટે અમે સૌ નીકળ્યા છીએ. પેસા એક્ટ દ્વારા આદિવાસી સમાજના અધિકારો સુદ્રઢ કરીને વિકાસની નવી કેડી કંડારવવાનું કાર્ય ભાજપા સરકારોએ કર્યું છે.

કોંગ્રેસે લગલગાટ ૫૦ વર્ષ સુધી આદિવાસી સમાજને છેતરવા અને ભરમાવવાનું પાપ કર્યું છે. વિકાસ કામોમાં મદદરૂપ થવાને બદલે માત્ર રોડા નાખ્યા છે. કોંગ્રેસના આ કરતુતોને ક્યારેય ભુલવા જેવા નથી એવી પ્રદેશ પ્રમુખએ સૌને શીખ આપી હતી.

રાજકોટમાંથી દેશી બોંબ મળી આવતા ચકચાર

અમદાવાદ,

રાજકોટના ૧૫૦ ફુટ રિંગ રોડ પર ટાઈમર બોમ્બ મળી આવતા પોલીસ દોડી ગઈ હતી. બનાવના પગલે આજુ બાજુ સહિત રાજકોટમાં મેસેજ પહોંચી જતા લોકોમાં ભય જોવા મળી હતી. આ દેશી વસ્તુઓમાંથી બનેલા ટાઈમર બોંબ શું કામ મળ્યો, કોણે પોલીસને ફોન કર્યો, ભય ફેલાવા કે પછી કોઈ ઘટનાને અંજામ આપવાનો ઈરાદો હતો તેની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. બોમ્બ મળ્યો તે વિસ્તારના આજુબાજુના ઘર ખાલી કરાવી દેવામાં આવ્યા છે. બોક્સમાં દેશી બોમ્બ હોવાની આશંકાને પગલે પોલીસે આ વિસ્તારને કોર્ડન કરી કાર્યવાહી હાથ ધરી હતી. બોમ્બ સ્કવોડની ટીમો દોડી આવી હતી અને બોક્સમાં તપાસ કરતા અંદર દેશી બોમ્બ હોવાનું સામે આવ્યું હતું. છેવટે ખુલ્લા મેદાનમાં લઈ જઈ બોમ્બ સ્કવોડ દ્વારા બોમ્બને નિષ્ક્રિય કરી દેવાયો છે. દેશી બોમ્બમાં જીલેટીનની ૨૦ જેટલી સ્ટીક હોવાનું સામે આવ્યું છે. જો આ બોમ્બ સક્રિય થયો હોત અને ધડાકો થયો હોત તો એકાદ કિલોમીટર વિસ્તાર અસરગ્રસ્ત થયો હોત. રાજકોટના ખોડિયરનગર વિસ્તારમાં આજે સવારે એક શંકાસ્પદ બોક્સ પડેલુ હોવાથી રહીશોમાં અનેક શંકા આશંકાઓ થઈ હતી. જોકે અંદર કોઈ શંકાસ્પદ ચીજ વસ્તુ હોવાને લઈને પોલીસને જાણ કરાઈ હતી. પોલીસ બોમ્બને નિષ્ક્રિય કરી દીધો છે. પરંતુ અહીં સવાલ એ થઈ રહ્યો છે કે આખરે આ બોક્સ અહીં કોણ મુકી ગયું શું શહેરમાં અન્ય સ્થળોએ કોઈ બોક્સ મુકવામાં આવ્યા છે કે કેમ પોલીસ માટે તપાસ અને ચિંતાનો વિષય બન્યો છે.

ગ્રામોદ્યોગ વિકાસ માટે કુલ ૧૩ લાખની સહાય

અમદાવાદ,

ગ્રામ્ય કારીગરોને રોજગારી આપવાના હેતુથી ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર યોજના હેઠળ ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર માટે મહત્તમ ૧૩ લાખની સહાય આપવામાં આવે છે. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર ગ્રામ્ય કારીગરોને સંગઠિત કરી ઉત્પાદન કરવા માટેની કામગીરી કોઈપણ નોંધાયેલ ટ્રસ્ટ, સહકારી મંડળી અથવા સરકાર દ્વારા સ્થાપિત નિગમ અથવા સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ નીચે નોંધાયેલ સોસાયટી આ યોજના માટે દરખાસ્ત કરી શકશે. આ માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે નિયત નમુનામાં દરખાસ્ત કરી કુટિર અને ગ્રામોદ્યોગ કમિશનરની મંજુરી મેળવવાની રહેશે. ગ્રામોદ્યોગ વિકાસ કેન્દ્ર માટે ઓફિસ, ગોડાઉન કે વર્કશેડના બાંધકામ તથા વિદ્યુત જોડાણ માટે મહત્તમ ૧૦ લાખ, તાલીમ અને ડિઝાઈન સહાય ૭૦ હજાર, વહીવટી સહાય ૪૦ હજાર, સાધન ઓજાર સહાય ૧.૨૦ લાખ, રિવોલ્વીંગ ફંડ ૫૦ હજાર તેમજ બજાર પ્રોત્સાહન માટે ૨૦ હજાર એમ કુલ મહત્તમ ૧૩ લાખની મર્યાદામાં સહાય કરવામાં આવે છે. અન્ને નોંધનીય છે કે, આ યોજનાનો હેતુ ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય કારીગરોને રોજગારી પ્રદાન કરવાનો છે.

શ્રી

IMP POWERS LTD.

Regd. Office : Survey No. 263/3/2/2, Sayli Village, Umar Kuin Road, Silvassa(U. T)
Tel: 0260-6538571; Fax : 0260-2681043 Website : www.imp-powers.com; Email : investor@imp-powers.com
CIN: L31300DN1961PLC000232

EXTRACT OF STATEMENT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED ON 31ST DECEMBER, 2016

(₹ In lakhs)

No.	Particulars	Quarter Ended 31-Dec-2016 (Unaudited)	Nine Months 31-Dec-2016 (Unaudited)	Quarter Ended 31-Dec-15 (Unaudited)
1	Total Income from Operation (Net)	11,025.18	25,369.49	10,695.41
2	Net Profit/(Loss) from ordinary activities after tax , Minority Interest	148.57	172.30	202.03
3	Net Profit/(Loss) for the period after tax (after Extraordinary items)	148.57	172.30	202.03
4	Paid -up equity share capital	863.66	863.66	863.66
5	Reserves excluding Revaluation Reserves as per balance sheet of previous accounting year	9195.82*	9195.82*	8559.63**
6	Earning Per Share (before Extraordinary Item) (of ₹ 10/- each)			
	Basic	1.72	2.00	2.34
	Diluted	1.72	2.00	2.34
7	Earning Per Share (after Extraordinary Item) (of ₹10/- each)			
	Basic	1.72	2.00	2.34
	Diluted	1.72	2.00	2.34

EXTRACT OF STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND NINE MONTHS ENDED ON 31ST DECEMBER, 2016

(₹ In lakhs)

No.	Particulars	Quarter Ended 31-Dec-2016 (Unaudited)	Nine Months 31-Dec-2016 (Unaudited)	Quarter Ended 31-Dec-15 (Unaudited)
1	Total Income from Operation (Net)	11,024.80	25,172.15	10,694.11
2	Net Profit/(Loss) from ordinary activities after tax	108.69	120.19	179.10
3	Net Profit/(Loss) for the period after tax (after Extraordinary items)	108.69	120.19	179.10
4	Paid -up equity share capital	863.66	863.66	863.66
5	Reserves excluding Revaluation Reserves as per balance sheet of previous accounting year	9108.74*	9108.74*	8503.38**
6	Earning Per Share (before Extraordinary Item) (of ₹10/- each)			
	Basic	1.26	1.39	2.07
	Diluted	1.26	1.39	2.07
7	Earning Per Share (after Extraordinary Item) (of ₹10/- each)			
	Basic	1.26	1.39	2.07
	Diluted	1.26	1.39	2.07

NOTES:

1 The Auditors of the company have carried out the limited review of the above Unaudited Financial Results pursuant to Regulation 33 of the SEBI (Listing obligations and Disclosure Requirements) Regulations, 2015. The above results were reviewed by the Audit Committee and approved by the Board of Directors as its meeting held on 14th February, 2017.

2 The Company is primarily engaged in the business of Electrical products like Power & Distrubution Transformers and Hydro Projects, which together constitute a single segment within power sector.

3 The consolidated financial statements have been prepared in accordance with accounting standard-21 on "consolidated financial statement".

4 Figures of the previous periods & year have been regrouped / reclassified where ever considered necessary.

5 The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirments) Regulations, 2015. The full format of the Quartely Financial Result is available on the stock exchange websites, www.nseindia.com and www.bseindia.com and on the Company's website www.imp-powers.com.

6 The Company has order book of ₹ 616 /- Crores of 14075 MVA as on date including Hydro Projects.

* As on 31st March, 2016

** As on 31st March, 2015

For IMP POWERS LTD.

Sd/-

CHAIRMAN

(RAMNIWAS R DHOOT)

Place : Mumbai
Date : 14th February, 2017

ADITYA BIRLA

NUVO

EXTRACT OF CONSOLIDATED UNAUDITED FINANCIAL RESULTS FOR QUARTER AND NINE MONTHS ENDED 31ST DECEMBER, 2016

(₹ Lakhs)

Particulars	Quarter Ended 31st Dec'16 (Unaudited)	Nine Months Ended 31st Dec'16 (Unaudited)	Quarter Ended 31st Dec'15 (Unaudited)
Total Income from Operations	3,38,770	10,17,536	3,13,350
Net Profit for the period before tax and exceptional items	20,018	1,05,767	44,060
Net Profit for the period before tax and after exceptional items	20,018	1,05,767	49,704
Net Profit for the period after tax	20,623	79,289	31,802
Total Comprehensive Income for the period [Comprising profit for the period (after tax) and other Comprehensive Income (after tax)]	21,249	1,00,698	41,910
Equity Share Capital (Face Value of ₹ 10 each)	13,024	13,024	13,019
Earnings per Share of ₹ 10 each (not annualised)			
(a) Basic - ₹	15.84	60.89	24.43
(b) Diluted - ₹	15.82	60.81	24.40

Notes:

1 The above results have been reviewed by the Audit Committee of the Board and taken on record at the meeting of the Board of Directors held on 14th February, 2017. The Statutory Auditors of the Company have carried out Limited Review as required under SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015 and the related report is being submitted to the concerned stock exchanges.

2 The above is the extract of detailed format of quarterly standalone financial results filed with Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015.

3 The full format of the quarterly financial results are available on the Stock exchange websites, www.nseindia.com and www.bseindia.com and on the Company's website www.adityabirlanuvo.com.

4 Key Standalone financial information is as under:

(₹ Lakhs)

Particulars	Quarter Ended 31st Dec'16 (Unaudited)	Nine Months Ended 31st Dec'16 (Unaudited)	Quarter Ended 31st Dec'15 (Unaudited)
Total Income from Operations	1,21,676	3,74,935	1,43,198
Profit before Tax	5,734	1,48,448	15,548
Net Profit for the Period	6,559	1,31,360	9,461

5 The Board of Directors of the Company at its meeting held on 11th August, 2016, approved a Composite Scheme of Arrangement between the Company, its wholly owned subsidiary Aditya Birla Financial Services Limited (ABFSL), Grasim Industries Limited (Grasim) and their respective shareholders and creditors under Section 391-394 of the Companies Act, 1956 and applicable provisions of the Companies Act, 2013 ('Scheme'). The Scheme provides for the amalgamation of the Company with Grasim on a going concern basis, demerger of the financial services business from amalgamated Grasim into ABFSL post the amalgamation and consequent listing of the equity shares of ABFSL. Approval to the Scheme has been received from the Stock Exchanges and the Competition Commission of India (CCI) during the quarter. National Company Law Tribunal has now directed holding of meetings of the Shareholders, Secured and Unsecured Creditors (including the debenture holders) of the Company on 10th April, 2017. The management is of the view that the proposed arrangement would not affect the carrying value of its assets and liabilities as at 31st December, 2016 and accordingly the accounts of the Company have been prepared on the going concern basis.

For Aditya Birla Nuvo Limited

Tarjani Vakil
Director
DIN: 00009603

Place : Mumbai
Date : 14th February, 2017

ADITYA BIRLA NUVO LIMITED

CIN - L17199GJ1956PLC001107
Regd. Office: Indian Rayon Compound, Veraval - 362266, Gujarat. | E-mail: abnlsecretarial@adityabirla.com
Telephone: +91-2876-243257 Fax: 91-2876-243220 | Website: www.adityabirlanuvo.com /www.adityabirla.com

An Aditya Birla Group Company